આજે રાંધણ છઠ : બે દિવસનું ભોજન એક દિવસમાં રંધાશે

થેપલા, બાજરાના વડા, પૂરી, લાડવા, ચેવડો, મેથીના ઢેબરા, મીઠી પૂરી, તીખી પૂરી, સેવ, ખીર, મિષ્ટાંન બનાવાશે : રાંધણ છઠ મોંઘો પડશે : શાકભાજી, તેલના ભાવ આસમાને



ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગરમાં રાંધણ છઠ્ઠને લઈને ગૃહીણીઓની ભીડ સાથે શાકભાજીના ભાવમાં ભારે ઉછાળો નોંધાયો છે. કમરતોડ મોંઘવારી વચ્ચે શાકભાજીના ભાવ ઉંચકાતા ગૃહિણીઓનું બજેટ ખોરવાયુ છે. બે વર્ષ કોરોનાની મહામારી બાદ આ વર્ષે તહેવારોમાં શહેરીજનો ઉત્સાહપૂર્વક ઉજવણી કરવા માટે ઉત્સુક બન્યા છે. ત્યારે ગૃહિણીઓએ ભાવ વધારા વચ્ચે પણ કચવાતા મને વિવિધ પ્રકારની શાકભાજીની ખરીદી કરી હતી. રાંધણ છઠ્ઠમાં મહિલાઓ દ્વારા ઘણી બધી વાનગીઓ બનાવવામાં આવે છે. જેમાં કંકોડા, મેથીની ભાજી, અડવીના પાન, મરચા, ધાણા ઓન ડિમાન્ડ રહેતા હોય છે. જેના કારણે ભાવમાં ઉછાળો નોંધાયો છે. શાકભાજીના ભાવમાં ૪૦ ટકાનો વધારો થયો છે. શ્રાવણ વદ છઠ્ઠના રોજ રાંધણ છઠ નિમિત્તે મહિલાઓ દ્વારા સાતમની રસોઈ તૈયાર કરવામાં આવે છે. સાંજે ચૂલો કે ગેસ અગ્નિથી બનાવવામાં આવેલ ઠારી, સાફ કરીને અને પૂજન કરવાનું અને બીજે દિવસે સાતમે ઠંડુ ખાવાનું. રાંધણ છઠ્ઠના દિવસે ગૃહિણીઓ વહેલી સવારથી રસોડામાં વ્યસ્ત થઈ જશે અને મેથીના ઢેબરા, બાજરીના વડા, લાડવા, ગાંઠિયા, ચેવડો, ભરેલા ભીંડા, તળેલા મરચાં, કંકોડાનું

શાક, તીખી સેવ, ખીર, નવા નવા અલગ અલગ પ્રકારની મિઠાઈ બનાવશે.

રાંધણછઠ્ઠના બીજા દિવસે શીતળા સાતમે શીતળામાતાની પૂજા કરવામાં આવે છે. શીતળા સાતમના દિવસે છઠ્ઠના દિવસે બનાવેલ ભોજન અને પકવાન માણવાનો મહિમા છે. જે વર્ષો જૂની ધાર્મિક પરંપરા છે. રાંધણછઠ્ઠના દિવસે માન્યતા મુજબ માતા શીતળા ઘરે ઘરે વિહાર કરવા માટે આવે છે અને ચૂલામાં આળોટતા હોવાથી આ દિવસે સાંજે જ ચૂલા અથવા ગેસને વિધિપૂર્વક ઠારી દેવામાં આવે છે. જો માતા શીતળાને તમારા ઘરના ચૂલાથી ઠંડક મળશે તો માતા શીતળા સુખી થવાના આશીર્વાદ આપી બીજા ઘરે જાય છે. માટે રાંધણછઠ્ઠના દિવસે સાંજે ચૂલો ઠારવાની પરંપરા છે. આધુનિક જમાનામાં ગેસ આવી ગયા છે. ચૂલાની જગ્યાએ ગેસને પણ ઠારવાની પરંપરા છે. એક દિવસ ઠંડુ ભોજન જમવાથી આપના શરીરમાં થતાં અન્ય વિકાસ પણ શાંત થઈ જાય છે અને શરીર એકદમ નીરોગી બની રહે છે. ધાર્મિક માન્યતા મુજબ આ દિવસે શ્રીકૃષ્ણના મોટા ભાઈ બલરામનો જન્મ થયો હતો માટે મહિલાઓ પોતાના પુત્રના લાંબા આયુષ્ય અને સમૃદ્ધિની કામના માટે ઉપવાસ રાખે છે.

શીતળા સાતમની અવનવી વાનગીઓ

મેથી થેપલા, મેથી-બાજરીના વડા, મસાલા પુરી, ફરસી પુરી, મેથી પુરી, મોતિચુર લાડુ, મગસ લાડું, બાસુંદી, પાત્રાના વાટા, દહીં મેંથીની ફૂલવડી, મકાઈ વડા, હાંડવો, કાજુ કારેલા શાક, સુકી ભાજી, રબડી, મોહનથાળ, ગલેફા, માવા માલપુવા, મીઠુ માખણ, મિસરી દહી, પંચરત્ન હલવો, વિવિધ અથાણા, તળેલા મરચાં, કંકોડાનુ શાક, લાડવા, સેવ, તીખી પુરી વગેરે...

નાગપાંચમ નિમિત્તે શહેરમાં પાંચ હજાર કિલો જેટલા ખાજાનું વેચાણ થયું હતું. વહેલી સવારથી વરસાદી વાતાવરણ હોવાથી આ વર્ષે ઘરાકી ઘટી હતી. શહેરીજનોએ નાગપાંચમ નિમિત્તે મંદિરોમાં જઈને શ્રદ્ધાપૂર્વક પૂજા કરી હતી.

શાકભાજીના ભાવમાં ઉછાળો

નામ	ભાવ(પ્રતિ કિલો)
કંકોડા	૨૦૦ રૂ.
અડવીના પાન	૧૨૦ રૂ.
મેથીની ભાજી	૧૬૦ રૂ.
કારેલા	૮૦ રૂ.
ભરવાના મરચાં	૮૦ રૂ.
ભીંડા	૮૦ રૂ.
ટામેટા	૫૦ રૂ.
ધાણા	૨૦૦ રૂ.
પાલક	૮૦ રૂ.
તાંદળજાની ભાજી	૪૦ રૂ.
રીંગણ	૮૦ રૂ.

અંતે પાટગરમાં હિન્દી માધ્યમની સરકારી પ્રાથમિક શાળા શરૂ કરવા મંજૂરી

રાજસ્થાન સમાજ સાવર્જનિક સેવા ટ્રસ્ટની લાંબા સમયની મહેનત રંગ લાવી : શહેરમાં વસતા પરપ્રાંતિય પરિવારોમાં ખુશીની લહેર : સરકારના નિર્ણયને આવકારતાં રાજસ્થાન સમાજના પ્રમુખ તુલસીભાઇ માલી

ગાંધીનગર તા. ૧૩

ગાંધીનગરમાં વસતાં હિન્દીભાષી પરપ્રાતિંય પરિવારોને આજે સરકાર તથા વહીવટી તંત્ર દ્વારા સ્વાતંત્ર્ય પર્વ પૂર્વે તેમની લાંબા સમયથી પાટનગરમાં હિન્દી માધ્યમની સરકારી શાળા શરૂ કરવાની માંગ હતી જે અંતર્ગત સે.૨૮માં સરકારી પ્રાથમિક શાળા શરૂ કરવાની મંજુરી આપીને અનોખી ભેટ આપવામાં આવી છે. આ ભેટને પગલે શહેરના પરપ્રાંતિય હિન્દી ભાષી પરિવારોમાં આનંદની લહેર પ્રસરવા પામી છે.

ગાંધીનગર મહાનગર પાલિકા વિસ્તારમાં ગુજરાત સરકારના માધ્યમથી એક સરકારી હિન્દી માધ્યમ સ્કુલ શરુ કરવાની શહેરમાં મોટી સંખ્યામાં વસતાં પરપ્રાંતિય સમાજ વતી રાજસ્થાન સમાજ સાવર્જનિક સેવા ટ્રસ્ટ દ્વારા લાંબા સમયથી માંગ કરવામાં આવી રહી હતી. આ અંગે ગત વર્ષે રાજસ્થાન સમાજ સાવર્જનિક સેવા ટ્રસ્ટના પ્રમુખ તુલસીભાઈ માલીની આગેવાની હેઠળ સે.૧૧માં સહયોગ સંકુલ ખાતે સ્થિત પ્રાથમિક શિક્ષણ વિભાગની કચેરીમાં શાસનાધિકારીને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું જેમાં રજુઆત કરાઈ હતી કે ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારમાં રાજસ્થાન સહિત વિવિધ પ્રાંતના દસથી બાર હજાર નાગરિકો લાંબા સમયથી સ્થાયી વસવાટ કરી રહ્યા છે જેમાં મોટા ભાગના નાગરિકો શ્રમિક વ્યવસાય તેમજ નાનાં મોટાં વેપાર ધંધા ઉપરાંત નોકરી સાથે જોડાયેલા મધ્યમવર્ગીય નાગરિકો છે જેમને ખાનગી સ્કૂલોની મોંઘીદાટ ફી પોસાય તેમ નથી. મોટાભાગના પરપ્રાંતીય નાગરિકો સેક્ટર-૨૪ માં વસવાટ કરે છે. આ નાગરિકોના પરિવારોનાં બાળકોને તેમની માતૃભાષામાં શિક્ષણ મળે તે હેતુથી ગાંધીનગરમાં સરકારી હિન્દી માધ્યમની પ્રાથમિક શાળા શરૂ કરવા રાજસ્થાન સમાજ સાર્વજનિક સેવા ટ્રસ્ટ દ્વારા લાંબા સમયથી માંગ કરવામાં આવી રહી હતી. તેમણે આવેદનપત્રમાં નવા સત્રથી સરકારી ગ્રાન્ટેડ હિન્દી માધ્યમની શાળા શરૂ થાય તેઅંગેરજુઆત કરી હતી. હવેઆગામી સત્રમાં હિન્દી માધ્યમની સરકારી પ્રાથમિક સ્કૂલ શરૂ થઈ શકેછે.

સરકાર અને વહીવટીતંત્રનો ખૂબ ખૂબ આભાર : તુલસીભાઇ માલી

ગાંધીનગર ખાતેના રાજસ્થાન સમાજ સાર્વજનિક સેવા ટ્રસ્ટના પ્રમુખ તુલસીભાઈ માલીએ આ પ્રસંગે જણાવ્યું હતું કે "સ્વાતંત્ર્ય પર્વે સરકારે પાટનગરના પરપ્રાતિંયોને અનોખી ભેટ આપી છે. આ અમારી લાંબા સમયથી માંગ હતી. ઘણાં વર્ષોથી ગાંધીનગરને કર્મભૂમિ બનાવીને શહેરમાં સ્થાયી થયેલાં આ પરિવારોના બાળકો તેમની પોતાની માતૃભાષા હિન્દીમાં શિક્ષણ મેળવી શકે તે માટે સરકારે અમારી માંગણીને સ્વિકારીને સેક્ટર-૨૮માં હિન્દી માધ્યમની શાળા શરૂ કરવાની મંજુરી આપી છે તે માટે અમે સરકાર, પ્રાથમિક શિક્ષણ વિભાગ અને સમગ્ર વહીવટીતંત્રના હૃદયપૂર્વક આભારી છીએ."

ક્રાંતિકારી પગલાંઓથી શિક્ષણ ક્ષેત્રે અગ્રેસર ગુજરાત

કન્યા કેળવણીને પ્રોત્સાહન આપવા વ્હાલી દીકરી યોજના અમલી

શિક્ષણએ મુનષ્યના જીવનનો પાયો છે. ૨૧મી સદીમાં શિક્ષણનું ખુબ જ મહત્વ છે ત્યારે ગુજરાતમાં બાળકોને કે.જી થી પી.જી સુધી શ્રેષ્ઠ શિક્ષણ પુરું પાડવામાં આવી રહ્યું છે. તત્કાલીન મુખ્યમંત્રીશ્રી અને દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શમાં છેલ્લા ૨૦ વર્ષથી શિક્ષણનું સુદ્રઢ માળખુ વિકસાવવામાં આવ્યું છે. છેલ્લા ૨૦ વર્ષમાં સમયની સાથે કદમ મિલાવીને આજની જરૂરિયાત પ્રમાણેની શિક્ષણ વ્યવસ્થા સરકારી સ્કુલો-કોલેજોમાં કરવામાં આવી છે. સરકારી શાળાઓ-કોલેજોમાં ટેકનોલોજીનો મહત્તમ ઉપયોગ કરી શિક્ષણ આપવામાં આવી રહ્યું છે. ક્વોલિફાઈડ શૈક્ષણિક સ્ટાફ સાથે ગુણવત્તાસભર શિક્ષણ વ્યવસ્થાને કારણે વાલીઓને સરકારી શાળાઓ-કોલેજો પર વિશ્વાસ વધ્યો છે. શ્રી નરેન્દ્રભાઈ મોદીનું દૂરંદેશીપૂર્ણ નેતૃત્વ તેમના નિર્ણયો અને નીતોઓમાં શિક્ષણના વિકાસની પરિપાટી સ્પષ્ટપણે દેખાય છે. માત્ર નિર્ણયો જ નહિ પરંતુ તેની પાછળ એક

સમર્પિત ભાવનાથી અત્યારે ગુજરાતે શિક્ષણ ક્ષેત્રે જબરૂ કાઠુ કાઢ્યું છે. ગુજરાતના વિદ્યાર્થીઓને નવી શિક્ષણ નીતિ હેઠળ વધુ ગુણવત્તા યુક્ત શિક્ષણ મળી રહે તે માટે મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ કાર્યરત છે. તેમના નેતૃત્વમાં ગુજરાતરે નવી શિક્ષણ નીતિ અમલી કરવાનો રોડ મેપ તૈયાર કર્યો છે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીએ જ્યારે બે દાયકા અગાઉ મુખ્યમંત્રી તરીકે ગુજરાતની કમાન સંભાળી હતી ત્યારથી રાજયમાં શિક્ષણની નવતર પરિભાષા વિકસી. શાળા પ્રવેશોત્સવ, કન્યા કેળવણી રથયાત્રા અને ગુણોત્સવ જેવા અનોખા અને અભૂતપૂર્વ વિચારો અમલમાં મુકીને એમણે ગુજરાતના ખૂણે ખૂણામાં શિક્ષિત ગુજરાતનો શંખનાદ ફૂંક્યો. એમણે સ્પષ્ટ સંદેશ આપ્યો કે, ગુજરાત શિક્ષણને હળવાશથી લેવા માગતું નથી. એમના પરિણામલક્ષી પગલાંઓના પરિણામે ગુજરાતમાં શિક્ષણ સાર્વત્રિક અને ગુણવત્તાયુકત બન્યું છે.

શિક્ષણ જગતની ક્રાંતિકારી પહેલ 'શાળા પ્રવેશોત્સવ'

કોઈ બાળક શિક્ષણથી વંચિત ન રહે તે માટે શાળા પ્રવેશોત્સવની વિચારધારા અત્યંત ઉપયોગી પુરવાર થઇ છે. નબળી શાળાઓને દત્તક લેવાના નાવીન્યસભર કાર્યક્રમને લાવીને એમણે ગુજરાતમાં જ્ઞાનયજ્ઞની જ્યોત પ્રગટાવી હતી. તત્કાલિન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વર્ષ ૨૦૦૩-૦૪માં પ્રાથમિક શિક્ષણમાં ક્રાંતિકારી પરિવર્તન લાવવા શાળા પ્રવેશોત્સવના મહાઅભિયાનનો પ્રારંભ કર્યો. જેમાં જ્ઞાનરથ દ્વારા અંતરિયાળ ગામડાઓમાં જઈ મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સંકલ્પ કર્યો કે, તેઓ ગુજરાતને સો ટકા શિક્ષિત બનાવીને જ સંતોષનો શ્વાસ લેશે. પરિણામે ધોરણ ૧ થી ૮માં શાળા છોડી જવાનો દર વર્ષ ૨૦૧૯-૨૦માં ૩.૩૯ ટકા થયો છે. શાળા પ્રવેશોત્સવની પહેલના કારણે રાજયમાં પ્રાથમિક શાળામાં (ધોરણ ૧ થી ૫માં) વિદ્યાર્થીઓના શાળા છોડી જવાના દરમાં (dropout rate)માં નોંધપાત્ર ઘટાડો થયો. ડ્રોપ આઉટ રેટ જે વર્ષ ૧૯૯૯-૨૦૦૦માં ૨૨.૩૦ટકા હતો જે નોંધપાત્ર ઘટી વર્ષ ૨૦૧૯-૨૦માં ૧.૩૭ટકા થયો છે.

શાળા પ્રવેશોત્સવ જેવી ક્રાંતિકારી પહેલના કારણે ડ્રોપઆઉટ ૨૨.૩૦ ટકાથી ઘટની ૧.૩૭ ટકા થયો

કન્યા કેળવણીને પ્રોત્સાહન

રાજ્ય સરકારના અથાગ પ્રયાસોને પરિણામે આજે પ્રાથમિક કક્ષાએ ૧૦૧.૮૭% છોકરાઓની સરખામણીએ ૧૦૩.૬૯% કન્યાઓનું નામાંકન થયું છે. એ જ રીતે માધ્યમિક કક્ષાએ પણ બંનેનું સરખું નામાંકન થયું છે. ઉચ્ચ માધ્યમિકમાં ૫૦.૫૨% છોકરાઓની સરખામણીએ ૫૨.૪૦% કન્યાઓનું નામાંકન થયું છે. કન્યા કેળવણીને પ્રોત્સાહન આપવા માટે રાજ્ય સરકાર દ્વારા વ્હાલી દીકરી યોજના અમલમાં મૂકી છે, આ યોજના અંતર્ગત લાભાર્થી દીકરીને એક લાખ દસ હજાર રૂપિયાની સહાય આપવામાં આવે છે. દીકરી

પહેલા ધોરણમાં આવે ત્યારે ૪૦૦૦ રૂપિયા સહાય, નવમા ધોરણમાં આવે ત્યારે ૬૦૦૦ રૂપિયાની સહાય જ્યારે દીકરી ૧૮ વર્ષની થાય ત્યારે ઉચ્ચ શિક્ષણ અથવા લગ્ન માટે રૂપિયા ૧ લાખની સહાય આપવામાં આવી રહી છે.

ગુણવત્તાસભર શિક્ષણનો નવતર અભિગમ 'ગુણોત્સવ'

પ્રાથમિક શિક્ષણની ગુણવત્તામાં સુધારો કરવા માટે રાજ્ય સરકાર દ્વારા પરિણામલક્ષી કાર્યક્રમો યોજવામાં આવે છે. પ્રાથમિક શિક્ષણને ગુણવત્તાસભર બનાવવાના સહિયારા પ્રયાસથી નામાંકન અને સ્થાયીકરણમાં ગુજરાતે અનેરી સિધ્ધિ હાંસલ કરી છે. શિક્ષણની ગુણવત્તા સંદર્ભે વર્ષ ૨૦૦૯થી રાજ્યભરની પ્રાથમિક શાળાઓમાં શિક્ષણની ગુણવત્તાની સંવેદના અને જવાબદેહિતા નક્કી કરતો કાર્યક્રમ મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા ગુણોત્સવ સ્વરૂપે શરૂ કરવામાં આવ્યો. ગુણોત્સવ એટલે "ગુણવત્તા સુધારવાની દિશામાં આગેકદમ. પ્રત્યેક ગુજરાતીને ગૌરવ થાય એવી વાત છે કે, દેશના સૌથી મોટા શાળા મૂલ્યાંકનના કાર્યક્રમની ગુજરાત સરકાર દ્વારા શરૂઆત કરવામાં આવી. મૂલ્યાંકનના અંતે સઘન ઉપચારાત્મક કાર્યક્રમનો પણ સમાવેશ થાય છે.

વિદ્યા સમીક્ષા કેન્દ્ર અને જ્ઞાનકુંજ જેવી નવતર પહેલ દ્વારા શિક્ષણની ગુણવત્તામાં અનેકગણો વધારો

દેશનું સર્વપ્રથમ એજ્યુકેશનલ કમાંડ એન્ડ કંટ્રોલ સેન્ટર 'વિદ્યા સમીક્ષા કેન્દ્ર'

ગુજરાતમાં શાળાકીય શિક્ષણ ક્ષેત્રે આશરે ૪૦,૦૦૦ સરકારી તથા ગ્રાન્ટેડ શાળાઓ, ૨.૪ લાખ શિક્ષકો, ૧૦,૦૦૦ જેટલો સુપરવિઝન માટેનો સ્ટાફ મળીને કુલ ૨.૫ લાખ કરતા વધુ કર્મચારીઓ કાર્યરત છે, જે રાજ્યના કુલ સરકારી કર્મચારીઓના ૫૧% છે.આ તમામ કર્મચારીઓના અસરકારક મોનિટરિંગ અને સપોર્ટ માટે તથા વિદ્યાર્થીઓના લર્નિંગ આઉટકમના સતત મોનિટરિંગ અને સુધારણા માટે ટેક્નોલોજી આધારિત વ્યવસ્થા ઊભી કરવી જરૂરી હતી. આ માટે દેશનું સર્વપ્રથમ એજ્યુકેશનલ કમાંડ એન્ડ કંટ્રોલ સેન્ટર 'વિદ્યા સમીક્ષા કેન્દ્ર' ગુજરાતમાં શરૂ કરવામાં આવ્યું છે. આ વિદ્યા સમીક્ષા કેન્દ્રને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ, મશીન લર્નિંગ, બિગ ડેટા એનાલિસિસ વગેરે જેવી આધુનિક સુવિધાઓથી સજ્જ કરવામાં આવ્યું છે. તેના દ્વારા રાજ્યની ૫૪ હજારથી વધુ સરકારી અને ખાનગી શાળાઓમાં ૧૧.૪ મિલિયન વિદ્યાર્થીઓ અને લગભગ ૪ લાખ શિક્ષકોની દૈનિક ઓનલાઈન હાજરીનો ડેટા પ્રાપ્ત થાય છે. વિદ્યા સમીક્ષા કેન્દ્ર દર વર્ષે ૫૦૦ કરોડ ડેટા સેટ્સનું વિશ્લેષણ કરે છે. આ સેન્ટરના કારણે રાજ્યની શાળાઓમાં બાળકોની હાજરીમાં ૨૬ ટકા સુધીનો વધારો થયો છે.

ડિજિટલ માધ્યમથી શિક્ષણ

"જ્ઞાનકુંજ" પ્રોજેક્ટ અંતર્ગત રાજ્યની ૫,૨૬૮ સરકારી પ્રાથમિક શાળાઓમાં ૧૫,૧૭૩ વર્ગખંડોમાં ટેક્નોલોજીની મદદથી સ્માર્ટ બોર્ડ સાથે ઈન્ટરેક્ટિવ સ્માર્ટ ક્લાસનો વિકાસ. દેશભરના તમામ શિક્ષકોને અદ્યતન ડિજિટલ ટેક્નોલોજીથી સજ્જ કરવા માટેના રાષ્ટ્રીય ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર તરીકે કાર્યરત DIKSHA પ્લેટફોર્મ (Digital Infrastructure for Knowledge Sharing Application) ના ઉપયોગમાં સમગ્ર દેશમાં ગુજરાત પ્રથમ સ્થાને છે. કોરોનાના

સમયમાં વિદ્યાર્થીઓનું શિક્ષણકાર્ય અવિરત ચાલુ રહે તે માટે શરૂ કરાયેલ હોમ લર્નિંગ (ધો.૧ થી ૧૨) કાર્યક્રમ અંતર્ગત શરૂ કરવામાં આવેલી YouTube Channel "Gujarat e-Class"ને YouTube Silver Award(Silver Play Button) એનાયત થયો છે. અત્યાર સુધીમાં ૫,૧૦,૦૦૦ Subscriber અને આઠ કરોડથી વધુ Views મળેલા છે. ઓનલાઈન પ્લેટફોર્મ - માઈક્રોસોફ્ટ ટીમ્સ પ્લેટફોર્મના ઉપયોગમાં ગુજરાત સમગ્ર વિશ્વમાં ત્રીજા સ્થાને છે. માઈક્રોસોફ્ટ ટીમ્સ પ્લેટફોર્મ દ્વારા ૨૦ કરોડથી વધુ વર્ચ્યુઅલ ક્લાસ યોજાયા. અગરિયાના બાળકોને ટેકનોલોજી યુક્ત માધ્યમિક શિક્ષણ આપવા સ્કૂલ ઓન વ્હીલ કાર્યરત. રાજ્યમાં ચાર જિલ્લાઓ કચ્છમાં-૫, મોરબીમાં-૩, પાટણમાં ૧૦ અને સુરેન્દ્રનગરમાં ૨૦ મળી કુલ ૩૮ સ્કૂલ ઓન વ્હીલ કાર્યરત. માઈક્રોસોફ્ટ ટીમ્સ પ્લેટફોર્મના ઉપયોગમાં ગુજરાત સમગ્ર વિશ્વમાં ત્રીજા સ્થાન પર છે. તમામ ધોરણોના વિષયો માટેનું ઈ-લર્નિંગ કન્ટેન્ટ 'G-Shala' એપ ઉપલબ્ધ કરવામાં આવ્યું છે.